# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૬/ક્વા-૨/૨૧-૨૨/૫૬૬૫-૨ તા.૨૯.૦૯.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૨૬/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : છગનભાઈ બી. સાકરિયા ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : વાવડી

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.માંકડિયા અને નાયબ ઈજનેર- ટેક શ્રી એસ.જી.સોજીત્રા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૪-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૪-૦૯-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા તા.૨૧/૦૪/૨૦૨૧ ના રોજ ટેમ્પરરી કનેક્શનની ડીપોઝીટ રીફંડ મેળવવા માટે અરજી કરેલ હોય પરંતુ ૦૩ (ત્રણ) માસ થવા આવેલ હોવા છતાં ડીપોઝીટ રીફંડ મળેલ ન હોય અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે વાવડી સબડીવીઝનના અરજદાર શ્રી છગનભાઈ બી. સાકરિયા દ્વારા તેમના વીજજોડાણ ગ્રાહક નંબર-૩૪૫૦૦/૦૩૬૭૮/૪ માં ટેમ્પરરી ડીપોઝીટ રીફંડનો ચેક ન મળવા બાબત ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૧ શ્રી છગનભાઈ બી. સાકરિયાને વીજજોડાણ નંબર- ૩૪૫૦૦/૦૩૬૭૮/૪, ૦૧ કી.વો. તા.૧૩.૧૧.૨૦૨૦ થી રીલીઝ કરવામાં આવેલ. અરજદારશ્રીની તા.૧૬.૦૪.૨૧ ની અરજીના આધારે તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ મીટર ઉતારી કનેક્શન પીડીસી કરવામાં આવેલ.

૩.૨ અરજદારશ્રી દ્વારા તા.૨૦.૦૪.૨૦૨૧ ના રોજ સદર કનેક્શનની ડીપોઝીટ રીફંડ આપવા બાબતે સબડીવીઝન માં અરજી કરેલ. સદર મીટર - મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૩.૦૮.૨૧ ના રોજ ચકાસણી કરવામાં આવેલ હતું. ત્યારબાદ સબડીવીઝન દ્વારા સંપુર્ણ કાર્યવાહી પૂર્ણ કરી પત્ર નંબર નં-૭૯૦૭ તા.૧૩.૦૮.૨૧ થી ડીપોઝીટ રીફંડ આપવા બાબતે વિભાગીય કચેરીને મોકલાવેલ છે. જે અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા તા.૧૬.૦૯.૨૧ ના રોજ રૂ.૯૫૫૧ ચેક નંબર-૪૬૨૬૨૯ થી **RTGS** કરેલ છે.

૩.૩ ઉપરોક્ત બાબતે અરજદારની ફરિયાદનુ નિરાકરણ થયેલ હોય, અરજદારની સહીવાળું તા.૧૭-૦૯-૨૧ નું સમાધાનપત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારના ટેમ્પરરી વીજજોડાણ ગ્રાહક નંબર-૩૪૫૦૦/૦૩૬૭૮/૪ અન્વયે ભરપાઈ કરેલ ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા માટે અરજી કરેલ હોવા છતાં વિલંબ થયેલ હોય, અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ રજુ થયેલ તે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૨ અને ૩.૩ મુજબ અરજદારની લેખિત સમંતિવાળું સમાધાનપત્ર તા.૧૭-૦૯-૨૧ અન્વયે ફરિયાદનું નિરાકરણ થયેલ છે.

૪.૩ આમ,ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ ની વિગતે અત્રેના ફોરમે કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |